**<u>મહેરબાન અરવલ્લી જીલ્લાના</u>**
**<u>એડીશ્નલ સેશન્સ જજશ્રી તથા સ્પે.જજ (પોકસો)ની કોર્ટ સમક્ષ</u>**
**<u>મુ. મોડાસા, જી. અરવલ્લી.</u>**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૩૭૯/૨૦૨૬**

**આંક–**

**<u>અરજદારઃ–</u>**

રાકેશભાઇ મણીલાલ કલાસવા,
ઉં.વ.આ.૨૬, ધંધોઃ ––
રહેવાસીઃ–ઝરડા, પંચાલ (કલાસવા ફળીયુ) તા.મેઘરજ જી.અરવલ્લી
(હાલ રહે. સબજેલ મોડાસા)

વિરૂદ્ધ

**સામાવાળા.**

ધી સ્ટેટ ઓફ ગુજરાત ...

---

- અરજદાર તરફે વિ.વ.શ્રી એમ.જે.પ્રજાપતિ
- સામાવાળા તરફે વિ. પ્રોસીક્યુટર શ્રી ડી.એસ.પટેલ

---

**<u>–II હુકમ II–</u>**

**૧.** હાલની અરજી અરજદાર/આરોપીનાઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા સારૂ આપેલ છે.

**૨.** અરજદાર/આરોપી વિરૂદ્ધ **ઈસરી પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર – ૨૪૬/૨૦૨૧ થી ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૬૩,૩૬૬,૩૭૬ તથા પોકસો એકટની કલમ–૪,૮,૧૨,૧૭** મુજબનો ગુનો દાખલ થયેલ છે.

**3.** હાલની જામીન અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કાઢતા સામાવાળા તરફે વિ.પ્રોસીક્યુટરશ્રી ડી.એસ.પટેલ હાજર થયેલ છે અને સેશન્સ કેસ નંબર :– ૫૫/૨૦૨૧ નું રેકર્ડ ધ્યાને લીધું.

૪. **અરજદારના વિ.વ.શ્રી એમ.જે.પ્રજાપતિનાઓએ મુખ્યત્વે પોતાની મુળ અરજીની હકીકતોનું પુનઃ ઉચ્ચારણ કરી રજુઆત કરેલ છે કે,** આરોપી તદ્દન નિર્દોષ છે તેમજ હાલના બનાવ બાબતે કાઇ જાણતા નથી તેમ છતાં પોલીસે અટક કરેલ હોય હાલમાં જયુડીશીયલ કસ્ટડીમાં છે તેમજ આરોપી સામે દ્વેશભાવ રાખી હાલની ફરીયાદ કરેલ છે. તેમજ હાલનો બનાવ પાંચ વર્ષ જુનો છે અને અન્ય આરોપીઓ સામે તપાસ પુરી થતા ચાર્જશીટ કરવામાં આવેલ છે જે કાર્યવાહીમાં તમામ આરોપીએ ફોજદારી પરચુરણ અરજી નંબર – ૮૯૯/૨૦૨૧ થી જામીન મુકત કરવામાં આવેલ છે ત્યારે આરોપીને પેરીટીના સિધ્ધાંતો મુજબ જામીન મુકત કરવા જોઇએ. આરોપી સ્થાનિક જીલ્લાના રહેવાશી છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી, સ્થાવર તથા જંગમ મિલકતો ધરાવે છે અને અરજદાર/આરોપીનો કોઇ ગુનાહીત ઈતિહાસ નથી અને નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા, તપાસના કામે સહકાર આપવા અને જામીન આપવા તૈયાર છે. તેથી અરજીની હકીકત અને કેસનાં સંજોગો ધ્યાને લઇ  જામીન પર મુક્ત કરવા જણાવેલ છે.

૫. **સામાવાળા સરકાર તરફે વિ.પ્રોસીક્યુટર શ્રી ડી.એસ.પટેલ નાઓએ ફરીયાદીની ફરીયાદ હકીકતને ધ્યાને લઇ એવી રજુઆત છે કે,** આ કામના આરોપી સામે પોકસો એકટ મુજબ ની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે અને આ ગુનાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપી દ્વારા ૧૫ વર્ષ ૦૧ માસ ની સગીર બાળા સાથે બળાત્કાર જેવો જધન્ય અપરાધ કરેલ છે.તેમજ ફરીયાદ નામજોગ દાખલ કરવામાં આવેલ છે. ૦૫ વર્ષ સુધી તે નાસતા ફરતા હતા અને જો જામીન મુકત કરવામાં આવશે તો તે ફરીથી ટ્રાયલ સમયે નિયમીત હાજર રહેશે તે બાબત પણ લક્ષમાં રાખવી જરુરી છે તેમજ જે સહ આરોપીને જામીન આપવામાં આવેલા છે તે આરોપી માત્ર મુખ્ય આરોપીને શરણ આપનારો હતો. જયારે હાલના અરજદાર/આરોપી આક્ષેપિત ગુનામાં મુખ્ય રોલ ભજવનાર છે ત્યારે તેને પેરીટીના સિધ્ધાંતો પર છોડી શકાય તેમ નથી. ત્યારે અરજદાર/આરોપીનું વર્તન તથા ગુનાની ગંભીરતા વગેરે પરીબળો ધ્યાને લઇ અરજદારની હાલની અરજી  રદ્દ થવાને પાત્ર છે.

૬. તમામ  પક્ષકારોની રજુઆતો, જામીન અરજીની હકીકત તથા સેશન્સ કેસ નંબર–૫૫/૨૦૨૧ ના કામનું રેકર્ડ ધ્યાને લીધું તથા તપાસના કાગળો તથા કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, જામીન અરજીનો નિર્ણય કરતી વખતે પુરાવાનો પુર્ણાત્મક અભ્યાસ કરવાનો કે પુરાવાના ગુણદોષને વિચારણામાં લેવાના રહેતા નથી અને માત્ર ફરિયાદ તથા પોલીસ પેપર્સને આધારે કરેલ ચાર્જશીટ પર નિર્ણય કરવાનો રહે છે. ઉપરોકત કેસ કાગળો વંચાણે લેતા એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે  આ કામના અરજદાર/આરોપી સામે આ કામના ફરીયાદીની સગીર બાળા કે જેની ઉંમર માત્ર ૧૫ વર્ષ ૧ માસની છે તેની સાથે બળાત્કાર કરેલ હોવાનો આક્ષેપ મુકવામાં

આવેલ છે. ત્યારે આ કામે અરજદાર/આરોપીનું વર્તન ધ્યાને લેવામાં આવે તો આ બનાવમાં ફરીયાદી ધ્વારા અરજદાર/આરોપીના નામ જોગ ફરીયાદ આપવામાં આવેલ છે અને તેમ છતાં તેઓ ૫ વર્ષ જેટલા લાંબા સમય સુધી તપાસ દરમ્યાન મળી આવેલ નથી. ત્યારે તેઓ હાલની કાર્યવાહીમાં પણ નિયમીત રીતે હાજર રહેશે કે કેમ? તે પણ બાબત લક્ષમાં રાખવી જરૂરી બની રહે છે. આમ, જયારે અરજદાર/આરોપી ધ્વારા આટલી નાની ઉંમરની છોકરી સાથે પોકસો એકટ અન્વયુનો ગુનો કરી નાસતા ફરતા હોય ત્યારે તેઓને અત્રેની અદાલતમાંથી જામીન મુકત કરવા ન્યાયી અને ઉચીત જણાઇ આવતું નથી. અલબત્ત આ કામના અન્ય આરોપીને નામદાર કોર્ટ ધ્વારા જામીન મુકત કરવામાં આવેલ છે. પરંતુ સમગ્ર ગુનામાં તેમનો રોલ ધ્યાને લેવામાં આવે તો સહ આરોપી ધ્વારા માત્ર જયારે આરોપી ફરીયાદીની દિકરી લઇ અને તે આરોપીની મિલ્કતમાં રહેવા માટે ગયેલ હોવાનો આક્ષેપ આધારે આરોપી તરીકે જોડવામાં અવોલ હતા જયારે હાલનો અરજદાર/આરોપી એ મુખ્ય આરોપી છે ત્યારે આ કામના અરજદાર/આરોપી આટલા લાંબા સમય સુધી નાસતા ફરતા હોય. ત્યારે હાલની કાયદાકીય જોગવાઇ મુજબ તેઓને જામીન મુકત કરવો ન્યાયી અને ઉચીત જણાઇ આવતું નથી.

**૭.** આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા અરજદારની અરજી ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી ત્યારે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયેની અરજદારની હાલની અરજી રદ્દ કરવામાં ન્યાયનું હિત જણાઇ આવતું હોય, હાલની અરજી રદ્દ કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **-॥ FINAL ORDER ॥-**

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયેની હાલના અરજદારની રેગ્યુલર જામીન અરજી **"નામંજુર"** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૫ મી માહે-માર્ચ સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૫/૦૩/૨૦૨૬
સ્થળઃ- મોડાસા.

**(સુનિલ મનહરભાઇ કામદાર)**
સ્પેશીયલ જજ (પોકસો)
મોડાસા-અરવલ્લી
જીજે. ૦૦૯૮૪

જે.બી.રાઠોડ